SSP/FEB 99/05/800

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પરિચય

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૧:૧૫] (રવિવાર, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯) કુલ ગુણ : ૭૫**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### વિભાગ - ૧ (સહજાનંદ ચરિત્ર)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''અમારા જેવા દેડકાને ડાંભો છો તેના કરતાં સ્વામિનારાયણ જેવા મણિધરને જીતી આવો.''
૨. ''લ્યો, અમારા જડભરત.''
૩. ''હું સહજાનંદ આ રહ્યો, અહીં જ છું.''
૪. ''હે વહાલા ! ગાજરડાં મારા વેરી રે......''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ.
૨. અણછાજતા સ્વભાવ મૂકવા.
૩. ગુણગ્રાહક થવું.
૪. શ્રીજીમહારાજે કહેલો મૂળજી ભક્તનો મહિમા

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ.
૨. અણછાજતા સ્વભાવ મૂકવા.
૩. ગુણગ્રાહક થવું.
૪. શ્રીજીમહારાજે કહેલો મૂળજી ભક્તનો મહિમા.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. જૂનાગઢના નવાબને મહારાજની કઈ ક્રિયા જોઈને નિશ્ચય થયો ?
૨. મહારાજે કયા બે ગામમાં એક સાથે દર્શન આપ્યાં ?





૩. મૂળુખાચરે કોની કોની ટકોરથી વ્યસન છોડયાં ?
૪. મહારાજે કયા ગામમાં સદ્ગુરુઓની સ્થાપના કરી ?
૫. જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા ક્યારે થઈ ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈપણ એક વિષયનું નિરૂપણ કરો અને તેનો ટૂંકમાં ભાવાર્થ લખો.** ૫

૧. ચોખ્ખા કરવા છે.
૨. શૂદ્રોને દ્વિજપણું દીધું
૩. કાકાભાઈને દર્શન.

### વિભાગ - ૨ (સત્સંગ વાચનમાળા - ભાગ-૨)

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''હજુ પણ એમ થાય છે કે સાંભળ્યા જ કરીએ.''
૨. ''મને તો જા, એમ જ કહેવું.''
૩. ''મહારાજ ! અમે તો નદી કિનારે ઓઘામાં ક્યાંક પડ્યા રહેશું.''
૪. ''આ વહેવારની જવાબદારી છે તેનું શું કરવું ?''

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. મહારાજે નિત્યાનંદ સ્વામીની સમજણને વખાણી.
૨. મૂળજી બ્રહ્મચારીને મહારાજે વિમુખ કર્યા.
૩. શ્રીજીમહારાજે ડોશીઓને દર્શન કરવાની બંધી તોડી.
૪. જાગાભક્તને કોઈ ગોળી મારે ને વસમું લાગે તેવું વસમું લાગ્યું.

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. દાદાખાચરની નિષ્ઠા
૨. પ્રેમસખી અને મહારાજનો પરસ્પર સંબંધ
૩. આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ - હરિભક્તોના આત્મીય સ્વજન.
૪. વડોદરાના પંડિતોનો શાસ્ત્રાર્થમાં પરાજય.

**પ્ર.૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. અયોધ્યાપ્રસાદજી મહારાજે કેટલાં વર્ષ સુધી આચાર્ય તરીકે સેવા કરી ?
૨. જાગા સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને કયો કોલ આપ્યો હતો ?
૩. મહારાજના સ્વભાવને યથાર્થ કોણ જાણતું હતું ?
૪. નિત્યાનંદ સ્વામીએ લખેલા બે સંસ્કૃત ગ્રંથોનાં નામ લખો.

૫. મહારાજે લાડુબાને દુર્વાસા ઋષિ જેવું સામર્થ્ય કયા પરમહંસમાં બતાવ્યું ?

૬. કૃષ્ણજી અદાની કઈ પ્રસિદ્ધ કડી યોગીજી મહારાજ વારંવાર બોલતા ?

**વિભાગ - ૩ (નિબંધ)**

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો. ૧૫**

૧. સંત પરમ હિતકારી જગતમાંહી......

૨. આજના યુગમાં શિક્ષાપત્રીની અનિવાર્યતા.

૩. ઘરસભા અને ઘરમંદિર - ઘરની સાચી શોભા